# વતન પ્રેમ



વતન અને જન્મ ભૂમિ સ્વર્ગથી પણ મહાન છે, એ આપણે જાણીએ છીએ. પોતાનું વહાલું વતન કોને યાદ ન આવે ? વતનની બહાર ધંધા માટે ગયા હોઈએ, નોકરી કરવા માટે ગયા હોઈએ પણ વતનની યાદ તો આવે જ છે. જ્યાં આપણો જન્મ થયો, જે ધૂળમાં આપણે રમ્યા, જે પાદર અને ખેતર આપણે ખૂદ્યાં, જે શાળામાં આપણે ભણ્યા, બાલ મિત્રો સાથે ધિંગામસ્તી કરી એ બધું શું ભુલાય ?

આ બાબતે એક વાર્તા તમને કહું. ગરુડજીનું નામ ધર્મકથાઓમાં આવે છે. ભગવાન વિષ્ણુ પાસે ગરુડજી સદાય રહેતા. એક દિવસ તેઓ બહુજ દુ:ખી જણાયા. ભગવાને ગરુડને પૂછયું, “અરે ગરુડ તું વૈકુંઠમાં વસતો હોય. છતાં આટલો બધો દુ:ખી અને ઉદાસ કેમ દેખાય છે ? તને અહીં કઈ વાતનું કષ્ટ છે ?”

ગરુડે કહ્યું “ પ્રભુ ! મારે એક એવી જગાએ જવું છે કે ત્યાં જ્યાં મારું મન તલસે છે. મને એક-બે દિવસની રજા આપો.” પ્રભુએ, રજા આપી પરંતુ મનમાં વિચાર્યું કે એવું ક્યું સ્થળ હશે કે ત્યાં જવા ગરુડજી તલપાપડ થયા છે. તેઓ પણ ગરુડજી સાથે ગયા.

ગરુડજી ભગવાન સાથે ગાઢ જંગલમાં ગયા. ત્યાં એક જૂનું વડનું ઝાડ હતું. ત્યાં અનેક ગરુડ પક્ષીઓનો વાસ હતો. ગરુડજી તેઓની પાસે ગયા. ભગવાન એક બાજુ ઊભા રહ્યા.

ગરુડજીને આવેલા જોઈ બધાં ગરુડો તેમને વીંટળાઈ વળ્યાં. બધાની સાથે ગરુડજી બહુ જ પ્રસન્ન થયા. તેમને આટલા બધા રાજી કોઈ દિવસ પ્રભુએ અગાઉ જોયા ન હતા.

પ્રભુએ ગરુડને પૂછયું : "સ્વર્ગલોકમાં તને અનેક સુખો મળ્યાં છે, જગતે પણ તારી પૂજા કરી છે તેમ છતાં તને આટલો બધા આનંદમાં મેં કદી જોયો નથી. તેનું કારણ શું ?"

ત્યારે અતિશય લાગણીમાં તરબોળ એવા ગરુડજીએ કહ્યું : "પ્રભુ ! આ ઘરકુળની સાથે મારા જન્મ સમયના ભૂતકાળનાં અનેક સંભારણાં સચવાયેલાં છે. આ વડ પર મારો જન્મ થયેલો. મારું નાનપણ અહીં વીત્યું હતું. એટલે વૈકુંઠમાં અનેક સુખો હોવા છતાં મારી જન્મભૂમિ મને વધારે પ્રસન્ન કરે છે."

પોતાની જન્મભૂમિ માટે ગરુડજીની આટલી ભક્તિ હતી !

આપણા દેશમાં વિપુલ સમૃધ્ધિ પડી છે. તેમ છતાં વધુ ધન મેળવવાની લાલસામાં યુવાનો યુવતીઓ દેશ છોડીને બહાર જાય છે. અને પછી ત્યાં એટલાં બધાં રચ્યાં પચ્યાં રહે છે કે પછી પાછા આવવાનું નામ લેતાં નથી. કેટલાકને વધુ શિક્ષણ માટે પરદેશ જવું પડે તે સ્વભાવિક છે પણ દેશને કાયમ માટે તિલાંજલિ આપવી, માભોમને ભૂલી જવી તે સારું નથી.

આ દેશ માટે, વતન માટે અનેક શહીદ વીરો થયા છે. તે તેમના જન્મભૂમિ પરના પ્રેમને લીધેજ. જે જમીન પર આપણો જન્મ થયો, જ્યાં આપણે રમ્યાં, મોટાં થયાં તેને ભૂલી જઈએ તો આપણે નગુણા કહેવાઈએ ને ?

લેખક : જગદીશ ધનેશ્વર ભટ્ટ